# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૩૧
# અમદાવાદ, તા. ૧-૪-૧૯૯૦ સવારે, પ્રવચન LA248

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે, તેનો પ્રથમ જીવ નામનો અધિકાર અથવા પૂર્વરંગ અધિકાર પહેલો છે. તેમાં જીવતત્વનું યથાર્થ સ્વરૂપ શું છે એ બતાનારો અધિકાર છે. એમાં અનંત અનંતકાળથી આત્મા, તીર્થંકર ભગવાનના દેહને જોઈને સ્તુતિ કરે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુજીને પણ એના દેહ પર લક્ષ રાખી અને સ્તુતિ, વંદના, પૂજન કરે. એવી રીતે અનંતકાળથી આ પ્રકારનો વ્યવહાર અજ્ઞાની જીવોનો ચાલે છે. દેહને જ તીર્થંકર જાણીને સ્તુતિ કરે, આચાર્ય ભગવાનની જે શુદ્ધઉપયોગી છે એના આત્માની તો ખબર નથી, એનો આત્મા દેહથી ભિન્ન છે એતો એ જાણતો નથી. કેમેક પોતાના દેહથી પોતાનો આત્મા ભિન્ન જાણ્યો નથી એટલે બીજાનો આત્મા પણ એના દેહથી ભિન્ન છે એ જાણવામાં આવતું (નથી).

અહીંયા જાણે તો ત્યાં ભિન્ન જણાય. અહીંયા તો એને ભિન્ન પડ્યો નથી. અહીંયા તો દેહાદિને પોતાનો આત્મા જ માને છે, એ જીવ છે એમ માને છે. એટલે સામે પણ, એણે અહીંયા જીવપણાની સ્થાપના કરી છે. આત્માની સ્થાપના આમાં કરી છે તો ત્યાં પણ એણે દેહમાં આત્મા સ્થાપીને પૂજા કરે છે. એ કરે છે પૂજા, ભક્તિ, વંદન, કષાયની મંદતા હોય તો મિથ્યાત્વ સાથે શુભભાવ થાય. શું કહ્યું? મિથ્યાત્વના પરિણામની સાથે સાથે કષાયની મંદતા હોય તો શુભભાવ થાય પણ મિથ્યાત્વ ન જાય. ત્યાં સુધી તેને અનુભવ ન થાય. અનુભવ વિના મોક્ષમાર્ગ ત્રણ કાળમાં પ્રગટ થતો નથી.

હવે ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ ગાથા સુધી ચર્ચા ચાલી, શિષ્યે બહુ દલીલો કરી અને તેના ઉત્તરમાં ૩૧મી ગાથા કહે છે. કે ભાઇ દેહની સ્તુતિ કરતાં ભગવાનની સ્તુતિ થઈ શકતી નથી. કેમકે દેહ ભિન્ન છે અને આત્મા ભિન્ન છે. માટે ખરેખર જો તીર્થંકર ભગવાનની સ્તુતિ કરવી હોય, કેવળીની તારે સ્તુતિ કરવી હોય તો પ્રથમ દેહથી અને ઈન્દ્રિયજ્ઞાનથી ભિન્ન આત્મા છે તારો, એની પહેલા તું અનુભવ કર. તો એ આત્માનો અનુભવ છે તે જ કેવળીની નિશ્ચય સ્તુતિ થઇ ગઇ. પોતાના આત્માનો જે અનુભવ કરે છે એને જ અહીંયા કેવળી ને તીર્થંકરની સ્તુતિ કરી કહેવામાં આવે છે. કેમકે આ આત્મા છે તે પોતે પંચ પરમેષ્ઠી પદમાં સમાયેલો છે આમાં. આ જ કેવળી છે, આ જ મુનિ છે, આ જ સાધુ છે.

આત્મામાં જ પાંચ પદ સમાયેલાં છે. એટલે પહેલા તો તું તારા આત્માની સન્મુખ થઈને અનુભવ કર. તો એને અમે નિશ્ચય સ્તુતિ કરી (એમ) કહીએ છીએ. ત્યાંથી સંવરની શરૂઆત થાય છે. જયાં સુધી ઇન્દ્રિયજ્ઞાન વડે તું પરના દેહને જાણીને સ્તુતિ કરી રહ્યો છો, એ તો મિથ્યાત્વની સાથે થોડી કષાયની મંદતા-શુભભાવ હોય તો એટલો ટાઇમ કહેવાય શુભભાવ, પણ મિથ્યાત્વની સાથે રહેલો શુભભાવ છે એની કોડીની કિંમત નથી.

એ હવે અહીંયા સ્તુતિનું વર્ણન કરતાં કહે છે કે જ્ઞેય અને જ્ઞાયક બેય ભિન્ન ભિન્ન છે. જ્ઞેય

ભિન્ન છે અને જ્ઞાયક આત્મા ભિન્ન છે. બે પદાર્થો છે જગતમાં, જ્ઞેયો પણ છે અને જ્ઞાયક પણ છે. કોઈ જ્ઞેયને ઉડાડે તો એ ખોટો છે. અને જ્ઞેયને જ્ઞાયકમાં ભેળવે તો પણ ખોટો છે. જ્ઞાયક ભિન્ન ને જ્ઞેય ભિન્ન છે, જ્ઞાયક અને જ્ઞેય ભિન્ન છે તેથી જ્ઞાયકને જાણનારું જે જ્ઞાન એ પણ જ્ઞેયોથી ભિન્ન છે. જ્ઞાયક જ્ઞેયોથી ભિન્ન છે, જ્ઞેયોના ત્રણ પ્રકાર કાલે કહ્યા કે એક તો દ્રવ્યેન્દ્રિય એ પર જ્ઞેય છે. આ દ્રવ્યેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય વિગેરે, અને બીજી ભાવેન્દ્રિય, ખંડજ્ઞાન સમયે સમયે જે ક્ષયોપસમ ભાવેન્દ્રિયનો ઉઘાડ છે ને પરને જાણવાનો, એનાથી પણ આત્મા જુદો છે, ભિન્ન છે માટે જ્ઞેય છે. અને એના જે વિષયો છે, ભાવેન્દ્રિયના વિષયો એ પણ જ્ઞેય છે. એમ જ્ઞેયના ત્રણ પ્રકાર કાલ પાડયા હતા.

એ ત્રણ પ્રકારમાં પહેલા દ્રવ્યેન્દ્રિયને જીતવાનો બોધ આપ્યો. કે દ્રવ્યેન્દ્રિય છે એ પુદગલની રચના છે, શરીરનો એક સ્પેરપાર્ટ છે. આ છે ને તે શરીરનો એક ભાગ છે. શરીર પરિણામને પ્રાપ્ત એવી દ્રવ્યેન્દ્રિય, એ દ્રવ્યેન્દ્રિય જ્ઞાનનું નિમિત્ત નથી. એ દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિયનું નિમિત્ત છે અથવા એ કર્મચેતનાનું નિમિત્ત છે અથવા એ અજ્ઞાનનું નિમિત્ત છે. જે નૈમિત્તિકભાવ એનું નિમિત્ત છે, તે સ્વભાવભાવનું આ નિમિત્ત નથી. ઓહો! થઈ જાય છે. આ વસ્તુ સમજવા જેવી આ છે. અનંતકાળથી એણે આત્માના સ્વરૂપને સમજ્યો નથી. પરથી ભિન્ન હોવા છતાં પણ પર અને સ્વની બેની એક .. .. છે, ભેદજ્ઞાનની શક્તિ બિડાઈ ગઈ છે જેની, જુદા પાડવાની શક્તિ બિડાઈ ગઈ છે એટલે દ્રવ્યેન્દ્રિયથી આત્મા જુદો છે. એના માટે કરુણા કરી કેમ જુદો પડવો?

કે **જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ,** પ્રગટ છે, છે, છે ને છે. કોઈને એમ લાગે, જો હોય તો કેમ દેખાતો નથી? એમ શ્રીમદજીમાં પણ એક પ્રશ્ન-ઉત્તર કર્યો છે કે જો હોય તો બધાને દેખાવો જોઈએ. જેમ ઘટ-પટ દેખાય છે એમ આત્મા દેખાવો જોઈએ. તું દેખતો નથી માટે દેખાતો નથી. તારા જ્ઞાનમાં તો જણાય રહ્યો છે. સમયે સમયે ભગવાન આત્મા, પણ તને શાસ્ત્ર ઉપર પણ વિશ્વાસ નથી. આહાહા! આમ તો દેવ, ગુરુ, શાસ્ત્રને પગે લાગે. ભગવાનનું આમ સમયસાર બિરાજમાન હોય તો પગે લાગે. એમાં લખેલું છે એ જ સાચું છે એમ માનતો નથી. એ ભૂલ થાય છે.

કહે છે કે એ દ્રવ્યેન્દ્રિયને કેમ જીતવી કે **અંતરંગમાં**, અંદરમાં **પ્રગટ** આત્મા છે, છે ને છે. પ્રગટ છે તે જીવ તત્ત્વ છે અને પ્રગટ થાય છે તે નવતત્ત્વ છે. નવતત્ત્વ પ્રગટ થાય ભલે ક્રમે ક્રમે. પણ એ પ્રગટ થાય એ એનો સ્વભાવ નવતત્ત્વનો, અને જીવ પ્રગટ છે એ એનો સ્વભાવ. જીવ પ્રગટ ન થાય. પર્યાય જો ન હોય ધર્મની પછી પ્રગટ થાય, મોક્ષ નથી તો પછી પ્રગટ થાય. પણ પ્રગટ થાય છે તે જીવતત્ત્વ નથી. પ્રગટ જે થાય છે તે કોઈ સંવરતત્ત્વ, કોઈ નિર્જરા અને કોઈ મોક્ષતત્ત્વ છે. પ્રગટ થાય તે જીવ નહીં. જીવના પરિણામ કહો પણ તે જીવ નથી. જીવનું એમાં લક્ષણ નથી. મોક્ષની પર્યાયમાં જીવનું લક્ષણ નથી.

મોક્ષ તો અમારે કરવો છે, મોક્ષ તો જોઈએ છે. અને તે જીવ નથી? કે ના એ જીવ નથી. જીવ એનાથી જુદો છે. જીવનું લક્ષણ તો પરમપારિણામીક સ્વભાવ છે. એનાથી જીવ તન્મય છે અને મોક્ષની પર્યાય તો ક્ષાયિકભાવથી તન્મય છે. એમાં પરમપારિણામીકભાવનો અભાવ છે, એક. મોક્ષની પર્યાયમાં - (તે) એક સમયની પર્યાય છે, એમાં અનંતગુણ નથી અને ભગવાનઆત્મામાં તો અનંતગુણો છે. ગુણીને અમે જીવ કહીએ છીએ. ગુણને ગુણ કહીએ પણ ગુણને જીવ ન કહીએ.

દોષને દોષ, ગુણને ગુણ ને ગુણીને (ગુણી), રાગાદિભાવ પ્રગટ થાય એ દોષ છે. સંવર, નિર્જરા ને મોક્ષ પ્રગટ થાય તે ગુણ છે અને ભગવાનઆત્મા ગુણી છે પણ અમે એને જીવ કહેતા નથી. ભગવાને કહ્યું નથી. એણે તો સ્વાંગ કહ્યો. આહાહા!

તારા રાગાદિ પુણ્ય, પાપના પરિણામ તો સ્વાંગ છે, છે ને છે, તને એ સ્વભાવ લાગે છે. તારી એમાં કર્તાબુદ્ધિ પડી છે. આહાહા! એને માટે તો દિલ્હી ઘણું દૂર છે. પણ અહીંયા તો કહે છે કે મોક્ષની પર્યાય એમાં જીવનું લક્ષણ દેખાતું નથી. કેમકે જીવ અનાદિઅનંત છે. મોક્ષની પર્યાય એક સમયની, સાદીસાંત, એક અપેક્ષાએ સાદીઅનંત પણ બીજી અપેક્ષાએ સમયવર્તી છે માટે સાદીસાંત પ્રગટ થાય એટલે ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય એ તો થયા જ કરે. આહાહા! મોક્ષ, એ ઉપજે ને વિણસે. પણ ભગવાનઆત્મા ઉત્પન્ન પણ થતો નથી ને મરતો પણ નથી.

કોઈ સંયોગોથી જેની ઉત્પત્તિ નથી તો કોઈ વિયોગથી પણ એનો નાશ ન થાય. એવો અંતરંગમાં પ્રગટ ભગવાનઆત્મા, આહાહા! જેમ આ પ્રતિમા અત્યારે પ્રગટ છે ને? પ્રતિમાજી પ્રગટ છે. એમ આ ચૈતન્ય પ્રતિમા અંદર પ્રગટ છે, ચોવીસે કલાક, એ દર્શન દેવાનું કામ આપે છે પણ એ દર્શન લેતો નથી. આમ, આમ, આમ (બહારમાં) નજર કરે છે, આમ, આમ. આહાહા! '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ**', મોક્ષતત્ત્વ સૂક્ષ્મ છે, અતિસૂક્ષ્મ નથી, સર્વથાસૂક્ષ્મ નથી. મોક્ષતત્ત્વ કથંચિતસૂક્ષ્મ છે અને જીવતત્ત્વ સર્વથાસૂક્ષ્મ છે.

બોલો! નવતત્ત્વનો અભ્યાસ હોય તો મજા આવે. આહાહા! '**અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે',** એ જ્યાં ભાવેન્દ્રિય આમ ખંડ ખંડ દ્રવ્યેન્દ્રિયનું અવલંબન લેતું હતું એ દ્રવ્યેન્દ્રિયનું લક્ષ છોડીને અંદરમાં જાય અને ભગવાનઆત્માનો અનુભવ કરે છે, ત્યારે આ દ્રવ્યેન્દ્રિયનું મારાથી સર્વથા જુદી છે એમ જણાય. જણાય જાય, સર્વથા ભિન્ન. એ ઇન્દ્રિયોને કાપીને અલોકમાં મોકલવાની વાત નથી. દ્રવ્યેન્દ્રિયને એના સ્થાનમાં રહેવા દે તું. દ્રવ્યેન્દ્રિય આંખ, કાન, નાક, એ બધું એના સ્થાનમાં રહેશે. પણ એનું જે લક્ષ કરીને પ્રવૃતિ હતી, એનું લક્ષ છોડી દયે છે અને ચેતન સ્વભાવનું અવલંબન લેતાં દ્રવ્યેન્દ્રિયમાં આત્મબુદ્ધિ હતી, દ્રવ્યેન્દ્રિયને પોતાની માનતો હતો. આંખ મારી છે, કાન મારો છે, આહાહા! કાન તારો નથી, આંખ તારી નથી, એનો સ્વામી પુદગલ છે. તું એનો ધણી નથી. આહાહા! એ જ્ઞાનનું નિમિત્ત નથી, એ અજ્ઞાનનું નિમિત્ત છે, નૈમિત્તિકભાવનું નિમિત્ત છે.

એ જ્ઞાનચેતનાનું નિમિત્ત પણ નથી. એ કર્મચેતનાનું નિમિત્ત છે. જેમ રાગને કર્મચેતના કહીએ એમ ભાવેન્દ્રિય પણ કર્મચેતના છે. જેમ રાગ અસદભૂતવ્યવહારનયનો વિષય છે એમ ભાવેન્દ્રિય પણ અસદભૂતવ્યવહારનયનો વિષય છે. દ્રવ્ય સંગ્રહમાં લીધું છે આ. આહાહા! '**અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી'.** આ સર્વથા ભિન્ન છે એમ ભાન થાય છે. આ કાન, આંખ અને નાક મારા ભગવાનઆત્માથી સર્વથા ભિન્ન છે, જુદી છે ઇન્દ્રિય. એમ એને અનુભવના કાળમાં જ્ઞાન થાય છે. પણ કથંચિત ભિન્ન અને કથંચિત અભિન્ન કે સર્વથા ભિન્ન? કે સર્વથા જૈનમતમાં હોય? જૈનમતમાં જ સર્વથા હોય.

કેમકે સર્વથા અભિન્ન માન્યું છે એની સામે સર્વથા ભિન્ન કહે ત્યારે જ અનુભવ થાય. ન્યાય

સમજાય છે કાંઈ? દેહ અને આત્મા સર્વથા અભિન્ન માને છે, ઇન્દ્રિય અને આત્માને સર્વથા અભિન્ન માની બેઠો છે. એને કહે છે કે સર્વથા ભિન્ન છે એ. સર્વથા ભિન્ન છે એમ અનુભવમાં જ્ઞાનમાં જણાય છે. શાસ્ત્રમાં છે એટલું તો નહીં. કે જેવુ શાસ્ત્રમાં છે એવો અનુભવ થાય છે. જેવુ શાસ્ત્રમાં છે એવો અહીંયા અનુભવ થાય છે. દ્રવ્યેન્દ્રિય હો ભલે પણ મમતા છૂટી ગઈ. દ્રવ્યેન્દ્રિય મારી, મારાપણું છૂટી ગયું અને દ્રવ્યેન્દ્રિય રહી ગઈ. મારાપણું છૂટી ગયું અને દ્રવ્યેન્દ્રિય તો એના સ્થાનમાં છે પુદ્ગલ, જ્ઞેય છે. આહાહા! એને ક્યાં ટાળવું છે આપણે? એ એના સ્થાનમાં, હું મારા સ્થાનમાં છું.

એ દ્રવ્યેન્દ્રિયને સર્વથા પોતાથી જુદી કરી. સર્વથા ત્રણેમાં સર્વથા આવશે, હોં! આહાહા! ત્રણેમાં સર્વથા આવશે. કેમકે જૈનદર્શન તો સ્યાદ્વાદરૂપ છે. ભગવાન આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે. સાંભળ! અને આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદભાવ છે. આત્મજ્ઞાન થાય એને સ્યાદ્વાદ હોય, મિથ્યાદ્રષ્ટિને સ્યાદ્વાદ ન હોય. આહાહા! પોતાથી જુદી કરી સર્વથા, દ્રવ્યેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિય એટલે આંખ, કાન, નાક પુદગલની રચના છે તે. ભાવેન્દ્રિયનું નિમિત્ત છે તે. અજ્ઞાનનું નિમિત્ત છે તે. ખંડજ્ઞાનનું નિમિત્ત છે તે. આહાહા! જ્ઞાનનું નિમિત્ત નથી આ. આના અવલંબે જ્ઞાન પ્રગટ ન થાય. એ તો આત્માનું અવલંબન લ્યે, ચૈતન્ય સ્વભાવ, તો જ્ઞાન પ્રગટ થાય. એક વાત થઈ ગઈ, હવે બીજી વાત સૂક્ષ્મ એના કરતાં વધારે સૂક્ષ્મ આવે છે. આહાહા!

જેને આખું જગત જ્ઞાન માની બેઠું છે. જેને આખું વિશ્વ, હોં! જૈન-જૈનેતર બધા. આ જે ક્ષયોપશમ જ્ઞાન ઉઘાડ છે ને, આંખેથી જોવાનું, કાનેથી સાંભળવાનું, જીભથી ચાખવાનું, અહીંયાથી (ગાલેથી) સ્પર્શ કરવાનું એ બધું જે જ્ઞાન થાય છે ને? જ્ઞાન, એ જ્ઞાન થાય છે કે જ્ઞેય થાય છે? એનું નામ જ્ઞાન છે કે એનું નામ જ્ઞેય છે? મોહરાજાએ એનું નામ રાખ્યું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન-શાસ્ત્રનું જ્ઞાન થયું, શાસ્ત્રનું જ્ઞાન થયું તો મોહરાજા કહે જ્ઞાન થયું, સર્વજ્ઞ ભગવાન કહે જ્ઞેય થયું. જ્ઞાન પ્રગટ જ ન થાય, શાસ્ત્રના લક્ષે. હાય, હાય! તો પછી દેવ, ગુરુ, શાસ્ત્રની પૂજા કરીએ છીએ ને? કે ભાઈ! એનું લક્ષ છોડીને આત્માનું ભાન થાય ત્યારે શાસ્ત્રને નિમિત્ત કહેવામાં આવે. એ પણ ભૂતનૈગમનયે નિમિત્ત કહેવાય.

વર્તમાનમાં પણ જ્યાં સુધી શાસ્ત્રનું લક્ષ છે ત્યાં સુધી આત્માનું લક્ષ ન થાય. એનું લક્ષ છોડે, ઉપયોગ અંદરમાં આવે, અનુભવ થાય. તો પૂર્વે શાસ્ત્ર હતું, એમાં શાસ્ત્રમાં એમ લખ્યું કે ભાવેન્દ્રિયથી આત્મા જુદો છે એવા જુદા આત્માને જાણ્યું. ત્યારે એમાં લખ્યું હતું એ પ્રકારે પોતે પરિણમી ગયો ત્યારે એ શાસ્ત્રને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! નિમિત્તના લક્ષે એનું નામ નિમિત્ત નહીં. નિમિત્તના લક્ષે એનું નામ નિમિત્ત નથી. નિમિત્તનું લક્ષ છૂટે અને એનો અનુભવ થાય, તો પૂર્વકાળે શાસ્ત્ર ઉપર લક્ષ હતું, એમાં લખાણ હતું, ૩૧મી ગાથામાં કે ભાવેન્દ્રિયને જીતવી. ને ભાવેન્દ્રિયને જીતી તો એ શાસ્ત્રને પણ વંદન કરું છું. દ્રવ્યશ્રુતને હું નમસ્કાર કરું છું, દ્રવ્યશ્રુતે મારા સ્વરૂપને બતાવ્યું.

**'જુદા જુદા',** ભાવેન્દ્રિય ખંડજ્ઞાનની વાત ચાલે છે. પાંચ ઈન્દ્રિયથી જે જ્ઞાનમાં વ્યાપાર ચાલે છે ને એ જ્ઞાન નથી પણ જ્ઞેય છે. જ્ઞેય પરજ્ઞેય છે, એ હેયરૂપ જ્ઞેય છે. પ્રગટ કરવાયોગ્ય પણ જ્ઞેય નથી. કે ભાઈ! આશ્રય માટે તો કાંઈ નહીં પણ પ્રગટ કરવા યોગ્ય ખરું કે નહીં ઇન્દ્રિયજ્ઞાન? પ્રગટ

કરવાયોગ્ય પણ ઉપાદેય નથી. આહાહા! આ એકડાની વાત છે, હોં! શરૂઆત. આ કોઈ ઊંચા પ્રકારની વાત નથી. અનંતકાળથી અજ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માન્યું છે એનું નામ અજ્ઞાન. અજ્ઞાન કેનું નામ? અજ્ઞાનને આમ શિંગડા ઉગતા હશે?

આ જે ઉઘાડ છે અને એ ઉઘાડ દ્વારા જ્ઞેયથી જ્ઞેયાંતર, જ્ઞેયથી જ્ઞેયાંતર, જે ખંડ ખંડજ્ઞાન આમ ધૂમરી ખાય છે, તે થતું નથી. જ્ઞેયના આશ્રયે જ્ઞાન સિદ્ધ થાય જ નહીં. એક જ્ઞેયને જાણવાની ઈચ્છા થાય ત્યાં તૃપ્તિ ન થઈ એટલે ફટ જ્ઞેય બદલાવશે. કોણ બદલાવે છે? જ્ઞાન જ્ઞેય ન બદલાવે. ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય જ્ઞેયને બદલાવે છે. ઇન્દ્રિયજ્ઞાન પોતે જ્ઞેય છે તે જ્ઞેયના સંબંધથી જ્ઞાન થાય એનું નામ જ્ઞેય છે જ્ઞાન નથી. જ્ઞેયના સંબંધથી, જ્ઞેયના સંગથી જે જ્ઞાનની પ્રવૃતિ થાય એને પરમાત્મા જ્ઞેયનો ભાવ કહે છે. એક ભાવકનો ભાવ અને એક જ્ઞેયનો ભાવ, આહાહા!

ભાવકનો ભાવ કોને કહેવાય? કે રાગને ભાવકનો ભાવ કહેવાય. રાગ છે એ કર્મના લક્ષે થાય છે. માટે એને ભાવકનો ભાવ (કહે છે), એ જ્ઞાયકનો ભાવ નથી રાગ. ભાવકનો ભાવ છે, ભાવક એટલે દ્રવ્યકર્મ. એના સંગથી જે રાગાદિ ઉત્પન્ન થાય, જેના સંગથી ઉત્પન્ન થયો એને ભાવકનો ભાવ કહેવામાં આવે છે, એનાથી આત્મા ભિન્ન છે. એનાથી આત્મા ભિન્ન છે, એના કરતાં પણ અહીંયા તો સૂક્ષ્મ કહેવું છે. કે જે ઇન્દ્રિયજ્ઞાન છે એ જ્ઞેય છે અને જ્ઞેયના સંગે એ જ્ઞેય પ્રગટ થાય છે. જ્ઞેય એટલે પાંચ ઇન્દ્રિયના જે વિષયો છે એ જ્ઞેયો છે, પરજ્ઞેય છે. એને પ્રસિદ્ધ કરે છે, જે જ્ઞાન એને પ્રસિદ્ધ કરે છે એ જ્ઞેયનો ભાવ છે, એ જ્ઞાયકનો ભાવ નથી. એ જ્ઞાયકની જાત એમાં નથી. જ્ઞાયકનું એમાં લક્ષણ નથી.

જેમ રાગ આત્માને પ્રસિદ્ધ કરી શકતો નથી એમ ઇન્દ્રિયજ્ઞાન દ્વારા પણ આત્માનો અનુભવ થઈ શકતો નથી. એ અનુભવથી ધર્મની શરૂઆત થાય, હોં! બીજી કોઇ ક્રિયાકાંડથી ધરમની શરૂઆત ન થાય. આહાહા! આકરું લાગે, કઠીન લાગે પણ થાય શું? ગુરુદેવ કહેતા હતા કે સમાજમાં ભાગલા પડે તો ભલે પડો પણ સત્ય વાત કહેજે તું. આહાહા! ભલે ભાગલા પડી જાય એકવાર, પડવા દેજે, પણ તને જો, તને આત્માનું જ્ઞાન થયું હોય અથવા તને આત્માનું ભાન થયું હોય, તો જેવો આત્મા છે સર્વજ્ઞ ભગવાને કહ્યો છે તેવો જ કહેજે, આહાહા! બીજાને દુઃખ લાગશે, ખોટું લાગશે, માફ કરજો, માફી માંગી લેજે, બીજું શું છેવટે. કે ભાઈ, તને ન ગમે અને કાંઈ દુઃખ લાગ્યું હોય તો હું માફી માંગુ છું, બાકી અમારી પાસે બીજી કાંઈ આશા રાખીશ નહીં.

એક વખત બ્રહ્મચર્યનો અધિકાર ચાલ્યો ભાવલિંગી સંતે પછી બ્રહ્મચર્યનો અધિકાર એવો કહ્યો, એવું વર્ણન કર્યું એમાં જુવાનિયાઓને લાગ્યું ખોટું, પછી છેવટે કહ્યું જુવાનિયાઓ તમને કાંઈ દુઃખ થયું હોય તો માફ કરજો, પણ અમારી પાસે બીજી કાંઈ આશા રાખતા નહીં, અમે તો બ્રહ્મચારી છીએ. અમે બ્રહ્મચર્યની જ વાત કરશું. આહાહા! એમ સત્યનો ઉપદેશ આપતા, કોઈને દુઃખ થાય તો ભલે થાય પણ સત્યને છુપાવવા જેવું નથી. અહીંયા કહે છે ખંડજ્ઞાન ભાવેન્દ્રિય એ જ્ઞેયનો ભાવ છે જ્ઞાયકનો ભાવ નથી. એ જીવના પરિણામ નથી જ્ઞેયના પરિણામ છે. એ જ્ઞાયકની જાત એમાં નથી. જ્ઞાનચેતના નથી. એની સાથે આનંદ નથી. એની સાથે આકુળતા છે. ઇન્દ્રિયજ્ઞાનમાં લક્ષણ આકુળતા લક્ષણ છે એનું. આહાહા! આકુળતા લક્ષણ છે માટે હેય છે.

આહાહા! આ પંડિત બેઠા. અરે ભાઈ! ઇન્દ્રિયજ્ઞાનથી જ્યાં સુધી ભેદજ્ઞાન નહીં કરે ત્યાં સુધી અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ નહીં થાય. અતીન્દ્રિયજ્ઞાનનો ઘાત કરે છે ઇન્દ્રિયજ્ઞાન.

જેમ રાગની ઉત્પત્તિ થતાં વીતરાગભાવને હણે છે, ઘાતક. વીતરાગભાવને હણે છે. એવી રીતે ઇન્દ્રિયજ્ઞાન જ્યાં સુધી પ્રગટ થાય ત્યાં સુધી અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ જ ન થાય. અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર અનુભવ થતો નથી. આહાહા! '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં', **ભાવેન્દ્રિય પાંચ પ્રકાર છે ને? તો સ્પર્શેન્દ્રિયનો વિષય જુદો, ચક્ષુઇન્દ્રિયનો વિષય જુદો, શ્રોતેન્દ્રિયનો વિષય જુદો. એમ જુદી જુદી ઇન્દ્રિય છે પાંચ, તો પાંચ ઇન્દ્રિયના વિષય પણ જુદા છે. આ આંખ દ્વારા સ્પર્શનો અનુભવ ન થાય, સ્પર્શઇન્દ્રિય દ્વારા કોઈ જણાય નહીં. સૌ સૌના વિષયો પાંચ ઇન્દ્રિયના જુદા જુદા છે. પાંચ ઇન્દ્રિયો જુદી છે એના વિષયો પણ જુદા જુદા છે.

'**જુદા જુદા પોતપોતાના વિષયોમાં**' એટલે કે જ્ઞેયોમાં, વિષયો એટલે જ્ઞેયોમાં '**વ્યાપારપણાથી', **વ્યાપાર, એક લબ્ધ છે અને એક વ્યાપાર છે. ઇન્દ્રિયજ્ઞાનના બે ભેદ પડે છે. એક ઇન્દ્રિયનો વ્યાપાર જ્યારે ચાલતો હોય ત્યારે ચાર ઇન્દ્રિયો લબ્ધરૂપ હોય, વ્યાપારરૂપ ન હોય. લબ્ધ હોવા છતાં ઉત્પાદ-વ્યયરૂપ છે, કૂટસ્થ નથી. પણ પાંચ ઇન્દ્રિયમાંથી એક ઇન્દ્રિયનો જે વ્યાપાર હોય, ગુરુદેવની વાણી આપણે સાંભળતા હોય, જ્યારે સાંભળવાનો ઉપયોગ છે ત્યારે આપણે ગુરુદેવને જોતાં નથી. ભ્રાંતિ થાય છે કે જોવાનું ને સાંભળવાનું કામ એક સમયમાં થાય છે. એક સમયમાં કામ ન થાય. આહાહા!

ક્રમિક છે. ઇન્દ્રિયજ્ઞાન ક્રમિક છે, અતીન્દ્રિયજ્ઞાન અક્રમે જાણે છે. એમ લાગે આપણને કે આપણે ગુરુદેવને સાંભળીએ પણ છીએ અને જોઈએ પણ છીએ. નહીં, બે માંથી એક જ ઉપયોગ હોય. જ્યાં આ (કાનનો) ઉપયોગ બંધ થાય છે ત્યાં આ (આંખનો) ઉપયોગ ચાલુ થાય છે. આ (આંખનો) ઉપયોગ બંધ થાય છે ત્યાં આ (કાનનો) ઉપયોગ ચાલુ થાય છે. એટલી ઝડપથી એકનો ઉપયોગ ઉપયોગાત્મક બીજો લબ્ધરૂપ થઈ જાય છે. પાછો લબ્ધ છે એ ઉપયોગરૂપ થઈ જાય છે. એમ ક્રમે ક્રમે ક્રમે એ ઇન્દ્રિયજ્ઞાન એનું કામ કરે છે.

'**જેમ પોતપોતાના વિષયોમાં**' એટલે જ્ઞેયોમાં '**વ્યાપારપણાથી જેઓ**' એટલે ભાવેન્દ્રિય ખંડજ્ઞાન- ઇન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાન જુદું ને ઇન્દ્રિયજ્ઞાન જુદું છે. આહાહા! '**વ્યાપારપણાથી જેઓ**' એટલે ભાવેન્દ્રિય '**વિષયોને**' એટલે જ્ઞેયોને '**વિષયોને**' એટલે જ્ઞેયોને, આ બધા જ્ઞેયો છે જુદા જુદા, આહાહા! પરજ્ઞેય છે. એ વિષયોને, જ્ઞેયો એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ, એને જ્ઞેય કહેવાય, અને જાણનારને જ્ઞાન કહેવાય. તો અહીંયા ભાવેન્દ્રિય જે ખંડજ્ઞાન છે એમાં જે જાણવાની ક્રિયા પરસન્મુખની થાય છે એમાં એ જણાય છે. '**વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે', **ગ્રહણ કરે છે એટલે પકડે છે એમ નહીં, જાણે છે.

ખંડ ખંડજ્ઞાન, જેમકે, દાખલા તરીકે મને કબાટ જણાય છે, પછી મને પંખો જણાય છે, તો હવે એ જે જ્ઞાન, જ્ઞાન તો અખંડ છે, એ અખંડને ખંડ બનાવ્યું એણે. જેમકે પાંચ ઇન્દ્રિયના વિષયો ક્રમે ક્રમે જણાય છે, એમાં જ્ઞાન ખંડ ખંડ થઈ જાય છે. જ્ઞેયના સંબંધથી જે જ્ઞાન પ્રગટ થાય ઇન્દ્રિયજ્ઞાન એ સામાન્યજ્ઞાનને તિરોભૂત કરી નાખે છે. વિશેષ જ્ઞેયાકારજ્ઞાનનો આવિર્ભાવ, અજ્ઞાન

બનાવે છે. શાસ્ત્રના શબ્દો ભલે આવે પણ સમજાય એવું છે, ન સમજાય એવું નથી.

જ્ઞેયાકારજ્ઞાન શું? અને સામાન્ય જ્ઞાન શું? જેમકે આ પદાર્થ છે એની સામે નજર કરી તો એણે જ્ઞેયાકારજ્ઞાન કહેવાય, જ્ઞેયના સંગવાળું જ્ઞાન એટલે અજ્ઞાન. જ્ઞાન એટલે? જ્ઞેયના સંગવાળું જે જ્ઞાન પ્રગટ થાય, ભાવેન્દ્રીય અજ્ઞાન છે. એ જ્ઞેયાકારજ્ઞાનનો આવિર્ભાવ જ્યારે થાય છે ત્યારે આ જણાય છે ત્યારે ભગવાનઆત્મા જણાતો નથી તો સામાન્યજ્ઞાનનો તિરોભાવ થાય છે. અનંતકાળથી આ ખોટો ધંધો કરે છે. અનંત અનંતકાળ વિત્યો, આહાહા! પરને જાણવાની રુચિ પડી છે કે હું પરને જાણનાર છું, શ્રધ્ધા વિપરીત છે. આહાહા! 'રુચિ અનુયાઇ વીર્ય' શ્રધ્ધા માને છે કે હું પરને જાણનાર છું, તો ઉપયોગ બહાર જ ભટકે છે, ઉપયોગ અભિમુખ થતો નથી. કેમ કે સમ્યગ્દર્શન થતું નથી? એમ પ્રશ્ન ઉઠે છે. ક્યાંથી થાય? જે જ્ઞેય છે એને તે જ્ઞાન માન્યું અને જે આત્મા છે એને તું જાણતો નથી એને તો છોડી દીધો. અને આમ આમ આમ (બહારનું) ચોવીસે કલાક જાણ્યા કરે છે. આહાહા!

કહે છે કે '**પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે',** એટલે જ્ઞાન ખંડ ખંડ દેખાય છે. જ્ઞાન અખંડ છે. એ જ્ઞેયના સંગથી જ્ઞાન ખંડ છે એમ એને ભાસે છે. આહાહા! જ્ઞાન એકાકાર છે, જ્ઞેયો અનેક છે. તો અનેક જ્ઞેયોના સંગથી જ્ઞાનને પણ અનેકાકાર લાગે છે. છે એકાકાર જ્ઞાન. એકાકાર જ્ઞાન છે તે અતીન્દ્રિયજ્ઞાન છે. અનેકાકાર જ્ઞાન તે ઇન્દ્રિયજ્ઞાન છે, એનો નિષેધ કર. આહાહા! જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ કરે છે, આ જણાય છે, આ જણાય છે, આ જણાય છે, આ જણાય છે, એમ કરીને એનું જે સામાન્યજ્ઞાન છે એનો તિરોભૂત કરે છે એટલે આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. અજ્ઞાન પ્રગટ થાય છે, જ્ઞેયના સંગે. આહાહા! જ્ઞેયલુબ્ધ છે, જ્ઞેયમાં આસક્ત છે. જ્ઞેયને જાણવાની અભિલાષા કરે છે ચોવીસે કલાક.

જેમ શાકનું દ્રષ્ટાંત આપ્યું, જેમ અનેક પ્રકારના શાક હોય એમાં મીઠું નાખવામાં આવે તો આ શાક ખારું છે, આ શાક ખારું છે. શાક ખારું છે કે મીઠું ખારું? મીઠાને શાકથી જુદું પાડીને સ્વાદ લેતો નથી. શાક દ્વારા પણ મીઠાનો સ્વાદ લ્યે છે. દૂધીમાં નાખ્યું હોય, કારેલામાં નાખ્યું હોય કારેલા, તોપણ એ મીઠાનો સ્વાદ લ્યે છે, બધા જીવો. પણ એને એમ થાય છે કે આ શાકનો હું સ્વાદ લઉં છું. શાક ખારું છે, શાક ખારું નથી, મીઠું ખારું છે. પણ એ મીઠાને એના સંગથી જુએ છે, પણ એનાથી વ્યવચ્છેદ કરીને મીઠાને એકલા મીઠાને જુએ તો મીઠું ખારું છે, શાક ખારું નથી.

એમ જ્ઞાનને પરજ્ઞેયથી જાણે છે તેથી મને આ જણાય છે, એ જ્ઞેયનો સંબંધ છોડીને આ કહે મને પર જણાતું નથી, જાણનાર જણાય છે. તે સમયે જ્ઞેયાકારજ્ઞાનનો તિરોભાવ કરી સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ થશે અને પરમાત્માના દર્શન થાય છે. આત્માના અનુભવ વિના કોઈ ક્રિયા ગમે તેટલી લાખ, કરોડ ક્રિયા કરે, શુભભાવ થાય. સ્વર્ગમાં દુઃખી થવા માટે જાય. દુઃખી થવા માટે (જાય) સ્વર્ગમાં કાંઈ સુખ નથી. સ્વર્ગના ક્ષેત્રમાં સુખ છે કે આત્માના ક્ષેત્રમાં સુખ છે? સ્વર્ગમાં જાયે તો ઠીક, સ્વર્ગમાં જાયે તો (ઠીક)? આહાહા!

અરે! અરે! પરક્ષેત્રની ભાવના કરે છે, સ્વક્ષેત્રને ભૂલી જાય છે. સ્વક્ષેત્રમાં પરક્ષેત્રની નાસ્તિ છે. ત્યાં જશે તો પણ સ્વર્ગના ક્ષેત્રની આ ક્ષેત્રમાં નાસ્તિ. અત્યારે અહીંયા છે ત્યારે આ ક્ષેત્રની પણ

(નાસ્તિ). દ્રવ્યમાં દ્રવ્ય ભિન્ન, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સ્વચતુષ્ટય તદ્દન નાસ્તિરૂપે છે. આહાહા! એની વાત તો દૂર રહો પણ અહીંયા તો અંદરની ભાવેન્દ્રિય પ્રગટ થાય છે એને જીતવાની વાત છે. એ ઈન્દ્રિયજ્ઞાનથી જિતાય રહ્યો છે, અજ્ઞાન થઈ ગયું છે. હવે ઈન્દ્રિયજ્ઞાનને છેદો તો આત્મભાન થાય. આહાહા! બે પ્રકાર છે. એક રાગને જીતવાનો અને એક ઈન્દ્રિયજ્ઞાનને જીતવાનો. ઈન્દ્રિયજ્ઞાનને જિતતા મોહ જિતાય જાય છે.

ઈન્દ્રિયજ્ઞાનથી જ મોહની ઉત્પત્તિ થાય છે. ઈન્દ્રિયજ્ઞાનથી જ મમતા પ્રગટ થાય છે. ઈન્દ્રિયજ્ઞાનને જીતીને જ્યાં આત્માનું ભાન થયું ત્યાં મોહનો ક્ષય થઈ જાય છે. આહાહા! થોડોક રાગ રહે છે એ પછી સ્વરૂપમાં લીન થઈને ક્ષય પામે છે. ભાવેન્દ્રીય 'પો**તપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે (અર્થાત જ્ઞાનને ખંડ ખંડરૂપ જણાવે છે)',** જ્ઞેયના સંગવાળું જે જ્ઞાન છે એ ખંડજ્ઞાન છે, અખંડજ્ઞાન નથી. '**એવી ભાવેન્દ્રીયોને**', એવી ભાવેન્દ્રીયને, પાંચ ઇન્દ્રિયને, ઉઘાડને '**પ્રતીતિમાં આવતાં**', શ્રદ્ધામાં આવતાં, આહાહા! જોયું, શ્રદ્ધામાં આત્મા આવે છે અત્યારે આ કાળમાં, શ્રદ્ધાનો વિષય છે આત્મા તેથી આત્માની શ્રદ્ધા થાય છે. શ્રદ્ધાનો વિષય વિદ્યમાન છે, તેથી શ્રદ્ધા પ્રગટ (થાય છે). શ્રદ્ધાનો વિષય વિદ્યમાન ન હોય તો કોઈને સમ્યગ્દર્શન થાય નહીં.

હમણાં સોનગઢ ગયો હું, ત્યાં એક ભાઈએ પ્રશ્ન કર્યો, મુમુક્ષુ ભાઈએ. કે આ એક ભક્તિના, તાત્વિક ત્યાં ગયા હશે ભજનમાં, કેસેટ તો આજે એકદમ ફરે છે ને? એ આ ભજનમાં કહે, શ્રેણી માંડશે કે માંડી, માંડશે કે માંડી, શ્રેણી આવશે, એ શ્રેણીની વાત કેમ કરે છે? એ શ્રેણી તો અત્યારે છે નહીં. બરાબર છે. શ્રેણી અત્યારે નથી, વાત સાચી છે. પણ શ્રેણીનું કારણ આચાર્ય ભગવાનને હાથમાં આવી ગયું છે. આચાર્ય ભગવાનને શ્રેણીનું કારણ હાથમાં આવી ગયું છે, એટલે શ્રેણી આવશે આવશે ને આવશે. પછી દાખલો આપ્યો એનો. હજી એનો દાખલો આપે ત્યારે સમજાય ને?

શ્રેણીનું કારણ શું એ પણ ખબર નહીં. આહાહા! કે જો ભાઈ સમ્યગ્દર્શન નથી પ્રગટ થયું, કાંઈ નહીં. સમ્યગ્દર્શન તો થવા કાળે થશે, એની કાંઈ ચિંતા નહીં. પણ સમ્યગ્દર્શનનો વિષય વિદ્યમાન છે કે નહીં? એ સમ્યગ્દર્શનનો વિષય જેને ખ્યાલમાં આવી ગયો એને સમ્યગ્દર્શન પ્રગટ થાય થાય ને થાય જ. એમ શ્રેણી કોને કહેવાય એનું જ્ઞાન થઈ જાય છે. શ્રેણી આવતી નથી. શ્રેણીનું કારણ આવી જાય છે અહીંયા, (અંદરમાં). શ્રેણી કેમ થાય પ્રગટ? શ્રેણી થવા પહેલા શ્રેણીનું જ્ઞાન થઈ જાય છે. શ્રેણી તો એના કાળે (આવશે) પણ કારણને સેવતા શ્રેણી આવે આવે ને આવે જ.

એ પાંચ ગાથા છે પરમાર્થ પ્રતિક્રમણની, નિયમસારમાં. એ 'રતન' એની ઉપમા આપી. આખા નિયમસારમાં ક્યાંય 'રતન' શબ્દ ન વાપર્યો. ત્યારે આત્મા પોતે, કુંદકુંદભગવાન કહે છે કે હું મારી ભાવના માટે આ શાસ્ત્રની રચના કરું છું. એ કહે છે કે હું આ ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, આ શુદ્ધોપયોગ પ્રગટ થાય છે ને મને, શુદ્ધોપયોગ પ્રગટ મને થાય છે, હોં! અને આનંદ પણ પ્રગટ છે. પણ એ શુદ્ધોપયોગનો હું કર્તા નથી, કારયિતા નથી, કારણ નથી ને અનુમોદક નથી. પણ પ્રભુ કર્તાબુદ્ધિ તો ચોથા ગુણસ્થાને ગઈ, અને હજી કર્તા નથી પરિણામનો એમ શ માટે કહો છો? કે એ ઉપચારથી જે કર્તા આવે છે મારા ઉપર, એ મને ખટકે છે. એટલે અત્યારથી હું નિષેધ કરું છું, તો ફટ

શ્રેણી મને આવી જાશે અને મોક્ષ થઈ જશે. અત્યારથી હું નિષેધ કરતો જાવ છું. આહાહા! અને બીજાને હું શિખડાવું છું, કે જો આ રીતે શ્રેણી આવે છે.

સમ્યગ્દર્શન તો સાધારણ છે. શ્રેણીમાં તો અનંતો પુરુષાર્થ છે. ચારિત્ર, આહાહા! ભલે અત્યારે શ્રેણી નથી આવી પણ શ્રેણીનું કારણ મારી પાસે આવી ગયું છે. કે ઉપચારથી જે નિર્મળ પર્યાયનો આત્મા કર્તા છે એમ જે અમારા ઉપર આક્ષેપ આવે છે, આરોપ આવે છે, ઉપચાર આવે છે એ અમને ખટકે છે. આહાહા! કેમકે અમે તો અકારક, અવેદક છીએ. અને અમે અમને કહીએ કર્તા એ ખટકે છે માટે અમે કર્તાબુધ્ધિ તો ગઇ હતી પણ કર્તાનો ઉપચાર અત્યારે નિષેધ કરીએ છીએ. અલ્પકાળમાં શ્રેણી આવશે. કારણ જેને હાથમાં આવ્યું ને કારણ સેવે ને કાર્ય થાય થાય ને થાય જ.

એમ સમ્યગ્દર્શન ભલે ન હોય પણ સમ્યગ્દર્શનના કારણને જે સેવે છે યથાર્થપણે એને સમ્યગ્દર્શન થાય થાય ને થાય જ. આહાહા! કારણની વિપરીતતા હોય તો સમ્યગ્દર્શન (ન થાય). જીવતત્ત્વનું જેવુ સ્વરૂપ છે એવું ન જાણતા અન્યથા જો જાણશે તો મોટી પાયાની ભૂલ છે. જીવની ભૂલ તો નવતત્ત્વની ભૂલ અને જીવનું યથાર્થ ભાન ને જ્ઞાન થયું તો નવતત્ત્વ પણ સાચા છે.

એમ અહીંયા કહે છે કે પ્રભુ! એક વાર આત્માની વાત તો સાંભળ. કે આ ઇન્દ્રિયજ્ઞાન એ તારા પરિણામ નથી. એ જ્ઞેયના સંગે થાય છે માટે એ જ્ઞેય છે. હેયરૂપ જ્ઞેય છે. આહાહા! એનાથી તો ભેદજ્ઞાન કરવાનું છે. એનાથી અધિક નામ જુદો આત્મા છે. જે જાણવાની ક્રિયા થાય છે ને ઇન્દ્રિયજ્ઞાનમાં એનાથી આત્મા જુદો અધિક, અધિક એટલે જુદો એવા આત્માને તું જાણ. એ કહે છે હવે.

**'એવી ભાવેન્દ્રીયોને, પ્રતીતિમાં'**, આહાહા! શ્રધ્ધામાં, એ શ્રધ્ધાના વિષયને એ વિકલ્પમાં તો શ્રધ્ધામાં સ્થાપ. એ તારી વિકલ્પની ભૂમિકામાં ભાવમન દ્વારા પણ શ્રધ્ધા પ્રગટ થવા પહેલા શ્રધ્ધાના વિષયને સ્થાપી દે ને, શ્રધ્ધા આવી સમજો. શ્રધ્ધા આવી સમજો. આટા મારે છે થોડી વારમાં શ્રધ્ધા પ્રગટ થાય છે. શ્રધ્ધાનો વિષય જેને આવ્યો હાથમાં એને સમ્યગ્દર્શન થયા વિના રહેતું નથી. એના વિષયની ભૂલ છે એટલે સમ્યગ્દર્શન પ્રગટ ન થાય. ધ્યેયની ભૂલ છે માટે ધ્યાન પ્રગટ થતું (નથી). ધ્યેયની ભૂલ છે માટે ધર્મધ્યાન પ્રગટ થતું નથી. જેને ધ્યેય લક્ષમાં આવી ગયું યથાર્થપણે, સર્વજ્ઞ ભગવાને કહ્યું, વીતરાગ દેવાધિદેવે કહ્યું, સંતોએ અનુભવીને કહ્યું કે આ ધર્મધ્યાનનો અને આ શુક્લધ્યાનનો વિષય છે એને વિષય હાથમાં આવતાં થોડા કાળમાં 'ચિરમ અચિરમ' આહાહા! વધારેમાં વધારે છ મહિનામાં સમ્યગ્દર્શન થાય. વધારેમાં વધારે, જો હાથમાં જીવ તત્વ આવે તો. પણ જીવની અન્યથા પ્રતીતિ હોય તો લાખ અને કરોડ ઉપાય કરે, સમ્યગ્દર્શન ને અનુભવ ન થાય. ધ્યેયની ભૂલે ધ્યાનની ભૂલ છે.

ધ્યાન તો બધા કરવા બેસે છે. પણ ધ્યેય શું એની કાંઇ ખબર હોતી નથી. આહાહા! ધ્યેય કોને કહેવાય? આત્માનું સ્વરૂપ શું? કે રાગને કરે તે આત્મા, કર્મને બાંધે તે આત્મા, કર્મના બંધવાળો આત્મા, દેહના સંયોગવાળો આત્મા, આહાહા! પરને જાણે તે આત્મા, રાગને કરે તે આત્મા, દુઃખને ભોગવે તે (આત્મા). એ આત્માનું સ્વરૂપ જ નથી. આત્માએ અનાદિઅનંત આજ સુધી દુઃખને ભોગવ્યું નથી. તે આત્મ તત્વ છે. અકારક અને અવેદક છે. સામાન્ય તત્ત્વ દુઃખને ભોગવે નહીં. અને

ભોગવે તે બીજો, જાણે તે જુદો. આહાહા! જીવતત્ત્વની ભૂલે ભૂલ રહી ગઈ છે. આહાહા!

પ્રથમમાં પ્રથમ તું જીવને જાણ. આવે છે ને? રાતના આવ્યું હતું ને? આહાહા! એ જીવરાજાને જાણ તું પહેલા. નવતત્ત્વને જાણતા પંડિત થાય અને જીવને જાણતા જ્ઞાની થાય. આહાહા! પણ એની બુધ્ધિ બહારમાં રોકાણી છે. આને જાણું છું, આને જાણું છું, આને જાણું છું, આને જાણું છું. ખંડ ખંડ ભાવેન્દ્રીય પ્રગટ થાય છે અને આત્માનું અહિત થાય છે. અતીન્દ્રિયજ્ઞાનનો ઘાત કરે છે. જેમ વિતરાગભાવનો ઘાત રાગથી થાય એમ ભાવેન્દ્રીય અતીન્દ્રિયજ્ઞાનને પ્રગટ થવા દેતી નથી. એમાં અહમપણું કર્યું છે, ઉઘાડમાં અહમપણું. આહાહા! થોડાક શ્લોક આવડી ગયા, થોડુંક સંસ્કૃત આવડી ગયું, થોડીક ગાથા મોઢે, તત્ત્વનો વાચાળ થઈ ગયો. આહાહા! એમાં કામ થાશે નહીં, આહાહા!

**'પ્રતીતિમાં આવતાં'**, શ્રધ્ધામાં આવતાં, વિશ્વાસમાં આવતાં **'અખંડ',** ઓલા ખંડ જ્ઞાન હતી ને. ઈન્દ્રિય-જ્ઞાનને ખંડજ્ઞાન કહ્યું હતું એની સામે અખંડ. ખંડજ્ઞાન એની સામે અખંડ, ભેદની સામે અભેદ. **'અખંડ એક',** ઓલી પાંચ ઇન્દ્રિય હતી એની સામે એક આત્મા, આત્મા એક છે. ઇન્દ્રિયો પાંચ છે અને આત્મા (એક), આહાહા! અરે! શુધ્ધાત્માને ઇન્દ્રિયજ્ઞાન અડતું નથી. રાગ તો અડતો નથી પણ ઇન્દ્રિયજ્ઞાન પણ, ભગવાન-આત્માને સ્પર્શ કરતું નથી. આહાહા! બહાર લોટે છે એ ઇન્દ્રિયજ્ઞાન. અંદરમાં પ્રવેશ થતો નથી. શુધ્ધાત્મામાં પ્રવેશ નથી. આહાહા! બહારમાં છે. બહારમાં તો બધું છે. છ દ્રવ્ય છે, લોકાલોક છે, કોણ ના પાડે છે? છે. પણ એની અસ્તિ પણ મારામાં (નાસ્તિ). ભાવેન્દ્રીયની અસ્તિ પણ મારામાં (નાસ્તિ). એવી મારી અસ્તિ. એનો અનુભવ થાય તો મસ્તી થાય.

**'અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે'** એટલે એના અવલંબન વડે જે એક અખંડ શુધ્ધાત્મા અંદર બિરાજમાન છે, ભાવેન્દ્રીયથી ભિન્ન, ઉઘાડથી ભિન્ન, વર્તમાન જે ઉઘાડ છે ને આંખનો, કાનનો એનાથી આત્મા જુદો છે. આહાહા! એ ઉઘાડથી, ભાવેન્દ્રીયથી આત્મા અનુભવમાં ન આવે. એનાથી ભિન્ન પોતાનો જે અખંડ ચૈતન્યપ્રકાશ જે પૂંજ એનું અવલંબન લેતાં એક નવું જાત્યાંતરજ્ઞાન પ્રગટ થાય, અતીન્દ્રિયજ્ઞાન. જાતિ જુદી, ઈન્દ્રિયજ્ઞાનથી જાતિ જુદી છે. ઇન્દ્રિયજ્ઞાન કર્મચેતના છે. નવું જ્ઞાન પ્રગટ થાય તેમાં આત્માનો અનુભવ થાય તેને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. આહાહા!

**'અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી'.** આ ઇન્દ્રિયજ્ઞાન સર્વથા ભિન્ન? સર્વથા કહો તો એકાંત થઈ જાશે. આહાહા! એમ અજ્ઞાની રાડો પાડે છે. એ તો પાડે અનંતકાળથી. આહાહા! આ તકરાર તો આજની નથી આ તકરાર તો ચાલવાની છે. કેમકે જ્ઞાની અને અજ્ઞાની બે તો રહેવાના છે. હેં? બે તો રહે જ. તો એક કાંઇક કહે ને બીજો કાંઇક કહે. આહાહા! એ બે ને તો વિરુધ્ધ છે ને? બેનો એક મત ન હોય, બેનાં મત જુદા છે. આહાહા! તો વિરોધ કરે તો ભલે કરો. સર્વથા ભિન્ન છે. સર્વથા અભિન્ન માની છે. ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માન્યું છે અને આત્માથી અનન્ય માન્યું છે. આત્માથી ઇન્દ્રિયજ્ઞાન અન્ય છે, એને બદલે અનન્ય માન્યું છે, સર્વથા, હોં!

કેમકે અજ્ઞાની પાસે કથંચિત ન હોય. શું કહ્યું? અજ્ઞાનીને સ્યાદ્વાદનો જન્મ થયો નથી. અનુભવજ્ઞાનમાં સ્યાદ્વાદનો જન્મ થાય. ત્યારે આચાર્ય ભગવાન કહે છે કે તે સર્વથા અભિન્ન માની છે ને, તો હું કહું છું સર્વથા ભિન્ન. કહે સાહેબ! સર્વથા ભિન્ન કહેશો તો પછી સ્યાદ્વાદનું શું થશે? કે

સ્યાદ્વાદનો જન્મ થઇ જાશે. હેં? સર્વથા ભિન્નમાં સ્યાદ્વાદનો જન્મ? હા. સ્યાદ્વાદ આવશે કે નહીં? કે હા, હમણાં આવશે. જો તું, હું બેઠો છું. સર્વથા ભિન્ન પાડીને તું અંદરમાં જો, અનુભવ કર, પછી અતીન્દ્રિયજ્ઞાનથી આત્મા સર્વથા ભિન્ન નહીં કથંચિત ભિન્ન અને અભિન્ન એવો સ્યાદ્વાદનો જન્મ થશે. અને ઇન્દ્રિયજ્ઞાન તો સર્વથા ભિન્ન લાગે છે. એમાં કાંઈ કથંચિત લાગુ પડતું નથી. રાગથી કથંચિત ભિન્ન-અભિન્ન ન હોય. વીતરાગ ભાવથી કથંચિત ભિન્ન ને કથંચિત અભિન્ન પણ ક્યારે? કે સર્વથા ભિન્ન પાડે ત્યારે. સર્વથા ભિન્નમાં દ્રષ્ટિ નિર્મળ થાય છે એની સાથે જ્ઞાન પ્રગટ થાય છે તે કથંચિતને જાણી લ્યે છે. કથંચિત ભિન્ન-અભિન્ન જાણે છે જ્ઞાનને. આહાહા!

શ્રધ્ધા કથંચિતને સ્વીકારતી નથી. શ્રધ્ધા કથંચિતને સ્વીકારતી નથી અને આત્મજ્ઞાન કથંચિતને જાણ્યા વિના રહેતું નથી. એટલે દ્રષ્ટિનો પણ દોષ નહીં ને જ્ઞાનનો પણ દોષ નહીં. નિર્દોષ કથન છે. સર્વથા ભિન્ન ચમત્કારી શબ્દ છે. આ વાંધો બસ, હે સાહેબ, તમે સર્વથા ન કહો. નહીંતર એકાંત થઈ જશે, સ્વચ્છંદી થઇ જાશે લોકો.

મુમુક્ષુ: મિથ્યાત્વ ભાગી જશે

પૂ. લાલચંદભાઈ: હેં? મિથ્યાત્વ ભાગી જશે. ભલે લાભ થશે. આ કાંઇ સોનગઢના સંતે શબ્દ નથી લખ્યો,શબ્દ. આ તો ૨૦૦૦ વર્ષ પહેલા મુનિરાજનું કથન છે. સર્વથા શબ્દ એ સંસ્કૃતમાં છે. છે કે નહીં સંસ્કૃતમાં? જોઇ લ્યો ને. આહાહા! આ પંડિત બેઠા, સંસ્કૃતમાં છે કે નહીં સર્વથા, ભૈયા! છે, છે. લ્યો! છે સર્વથા શબ્દ.

અરે પ્રભુ! ભાઈ! જ્યાં સુધી સર્વથા ભિન્નનું શ્રદ્ધાન નહીં થાય ત્યાં સુધી શ્રદ્ધાન ઉદય નહીં થાય. શ્રદ્ધાન ઉદય થતાં જ્ઞાનમાં આત્માનો અનુભવ થાય એ જ્ઞાનમાં બે પડખાં જેમ છે તેમ કથંચિત ભિન્ન અભિન્નનું એને જ્ઞાન થયા વિના રહેતું નથી. સર્વથા ભિન્નનું ફળ કથંચિત છે. સર્વથા ભિન્ન એનું ફળ કથંચિત છે. આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે, દ્રષ્ટિમાં પણ સ્યાદ્વાદનો અભાવ છે, દ્રષ્ટિના વિષયમાં પણ સ્યાદ્વાદનો અભાવ છે અને આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદભાવ છે. આહાહા! અનેકાંત! અનેકાંત! સ્યાદ્વાદ! ભઈ! સ્યાદ્વાદ પહેલા સ્યાદ્વાદ આત્મામાં નથી એવા આત્માનું લક્ષ કર તો તને આત્મજ્ઞાન પ્રગટ થશે એ આત્મજ્ઞાન પ્રગટ થયેલું નિર્મળ પર્યાયથી આત્મા કથંચિત ભિન્ન ને અભિન્ન એમ જ્ઞાન જાણશે. શ્રદ્ધા સર્વથા ભિન્ન જાણશે અને જ્ઞાન કથંચિત ભિન્ન-અભિન્ન જાણી લેશે.

શ્રધ્ધા તો એ વખતે, જ્ઞાન કહે છે કે, જ્ઞાન શ્રદ્ધાને (કહે છે) કે કથંચિતમાં આવને તું. આહાહા! જો મારું નામ સમ્યગ્જ્ઞાન છે અને સમ્યગ્જ્ઞાન બોલે છે કથંચિત ભિન્ન-અભિન્ન, તો તું પણ ભિન્ન-અભિન્ન કથંચિત લે ને? તને શું વાંધો? હું પણ સમ્યગ્જ્ઞાન અને તું પણ સમ્યગ્જ્ઞાન. કે જો હું કથંચિત અભિન્ન કહું તો હું મરી જઈશ. અને મારું મોત થશે તો તારું પણ મોત (થશે). તો સમ્યગ્જ્ઞાન તારું નહીં રહે. માટે તું તારા સ્થાનમાં ને હું મારા સ્થાનમાં. રહેવા દયો બેય બેયના સ્થાનમાં. બેયનો વિષય જેમ છે તેમ, આપણે સંપીને સાથે રહેવું છે. અંદર તકરાર કરવી નથી. આહાહા!

અંદરની રમત, આહાહા! જ્ઞાનીઓની રમત તો જ્ઞાનીઓ જાણે છે. પણ આ સર્વથા લખ્યું અંદર. આ ખટકે. સર્વથા નહીં, બસ. અરે! ઈન્દ્રિયજ્ઞાનને સર્વથા ભિન્ન કહ્યું તો તારા રાગની વાત તો એ તો જડ અને અચેતન પ્રસિદ્ધ છે. આંધળું છે. આહાહા! રાગ તો આંધળો છે. જડ-અચેતન, એ તો

સર્વથા ભિન્ન છે. અહીંયા તો કહે રાગને જાણનારું જે જ્ઞાન ઊભું થાય, દુઃખને જાણનારું જ્ઞાન, આહાહા! જે જ્ઞાનમાં દુઃખ જણાય એ જ્ઞાન આત્માથી ભિન્ન છે સર્વથા. જે જ્ઞાનમાં આત્મા જણાય એ કથંચિત ભિન્ન-અભિન્નમાં લે. આહાહા! આ સર્વથામાં મોટો વાંધો આવે છે, આહાહા! અજ્ઞાનીને. અને જે નિકટ ભવિ હોય એને અમૃત જેવુ લાગે છે. નિકટ ભવિ હોય એને અમૃત જેવુ લાગે છે.

**'સર્વથા પોતાથી જુદી જાણી'.** આહાહા! ચૈતન્યશક્તિ અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા જે જ્ઞાયક છે એનું અવલંબન લેતા અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે, એ અતીન્દ્રિયજ્ઞાને જ્ઞાયકને અને ઇન્દ્રિયજ્ઞાનને ભિન્ન પાડી દીધા. પ્રજ્ઞાછીણી વડે ભેદજ્ઞાન થઇ ગયું. અતીન્દ્રિયજ્ઞાને જ્ઞાયકને પ્રસિદ્ધ કર્યો કે આ હું છું, ત્યાં ઇન્દ્રિયજ્ઞાન એ મારું નહીં. મમતા છૂટી ગઇ. ઇન્દ્રિયજ્ઞાન રહી ગઇ અને મમતા છૂટી જાય છે. ઇન્દ્રિયજ્ઞાનનો અભાવ નહીં થાય ઘડીકમાં. એ તો કેવળજ્ઞાન થાય ત્યારે થાય. પણ મારાપણાની બુદ્ધિ છૂટી જાય છે એમાંથી. બસ. '**એને પોતાથી જુદી જાણી. એ ભાવેન્દ્રીયોનું જીતવું થયું'.**

બે બોલ થયા હવે ત્રીજો બોલ. ભાવેન્દ્રીયનો વિષય '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે',** આહાહા! ગ્રાહ્ય એટલે જ્ઞેયો પરપદાર્થ. ગ્રાહક એટલે ઇન્દ્રિયજ્ઞાન. ઈન્દ્રિયજ્ઞાનને ગ્રાહક જાણનાર. ઇન્દ્રિયજ્ઞાન જાણનાર અને જ્ઞેયો જણાય એમાં. '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે',** જ્ઞેય અને ઇન્દ્રિયજ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાનનો જે વિષય, ઇન્દ્રિયજ્ઞાનનો વિષય ને જ્ઞેય એની બેયની નિકટતા છે. આત્માથી તો ભિન્ન છે. આત્માની સાથે નિકટતા નથી, જ્ઞેયની અને ભાવેન્દ્રીયની કોઇની, પણ ઇન્દ્રિયજ્ઞાન એનો જે વિષય એની નિકટતાને લીધે '**જેઓ પોતાના સંવેદન (જ્ઞાન) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે',** ઇંદ્રિયજ્ઞાનમાં જ્યાં આમ રસ ચાખ્યો, ત્યાં રસ અને ભાવેન્દ્રીય જાણે એકાકાર એક વસ્તુ છે એમ એને ભાસે છે. ભ્રાંતિ થઈ જાય છે.

અતિ '**નિકટતાને લીધે**' જાણીને '**જેઓ પોતાના સંવેદન**' એટલે **અનુભવ** સાથે અનુભવ એટલે જ્ઞાન જાણવાનું ભાવેન્દ્રીય. વેદન આનંદ નહીં. '**પરસ્પર એક જેવા થઇ ગયેલા દેખાય છે'.**

રસ-ઇન્દ્રિય રસ-રસેન્દ્રિય એ બેય એક જેવુ લાગે છે. આહાહા! મને, આ ખાટો રસ મેં જાણ્યો. મને ખાટો લાગે છે, મને ખાટો લાગે છે, મને તીખો રસ લાગે છે. મને એટલે કોણ? ભાવેન્દ્રીયમાં મેંપણાની બુદ્ધિ કરી. આહાહા! '**એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રીયો વડે',** જુઓ! ખુલાસો કરે છે. '**ભાવેન્દ્રીયો વડે ગ્રહવામાં આવતા**', અરે! ભાવેન્દ્રીય પરને જાણે છે, હોં! એ અતીન્દ્રિયજ્ઞાન પરને જાણતું નથી પ્રભુ! કઠીન વાત છે શું કરીએ?

શાસ્ત્રમાં છે બધું, દસ ગાથા છે આખી. કુંદકુંદઆચાર્ય ભગવાન કહે છે, કે ભાવેન્દ્રીય પરને ગ્રહણ કરે છે. આહાહા! આત્મા પરને શબ્દને ગ્રહણ કરતો નથી. દસ ગાથા છે દસ. આહાહા! શું કહ્યું આ? ભાવેન્દ્રીય છે, શ્રોતઇન્દ્રિય શબ્દને જાણે છે, આત્મા શબ્દને જાણતો નથી. રસેન્દ્રિય ખાટા મીઠાને જાણે છે, આત્મા ખાટા-મીઠા પદાર્થને જાણતો નથી. તો સ્વ-પરપ્રકાશકનું શું થશે? કે સ્વ-પરપ્રકાશક જે અજ્ઞાન છે એનો અસ્ત થશે અને સ્વપ્રકાશક જ્ઞાન પ્રગટ થઈ જશે તને. નુકસાન કાંઈ થવાનું નથી. પછી સ્વ-પરપ્રકાશક? તો સ્વ-પરપ્રકાશકમાં શું છે? કે આ એ સ્વ ને આ બધુ પર, એમ નથી. સ્વ-પરપ્રકાશક એક નિશ્ચય પ્રગટ થાય છે. જ્ઞાન તે સ્વ અને અતીન્દ્રિય આનંદ પ્રગટ

થયો તે પર. એ સ્વ-પરપ્રકાશક નિશ્ચય પ્રગટ થાય એને સ્વ-પરપ્રકાશકનો વ્યવહાર લાગુ પડે. વાત ઘણી ઝીણી છે. (એક) ભાઈને જાણવાની જિજ્ઞાસા બહુ થઈ ગઈ કે આ શું છે? આહાહા! ક્યારેક વડનગર આવજો. આપણે આ વિષય, પૂછજો મને જરા, આ વિષય લઈ લેશું. વિષય સમજવા જેવો છે.

સ્વપ્રકાશક, નિશ્ચય સ્વ-પરપ્રકાશક અને વ્યવહાર સ્વ-પરપ્રકાશક એ ત્રણ જ્ઞાનીને છે. અને એક ચોથું સ્વ-પરપ્રકાશક અજ્ઞાની પાસે (પણ ) છે. ચોથું સ્વ-પરપ્રકાશક અજ્ઞાની પાસે પણ છે. પણ અત્યારે આ વિષય આપણે ચાલે છે, ડેપોઝિટ રાખવું. સમજવા જેવુ છે.

**'પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રીયો વડે ગ્રહવામાં આવતા',** જુઓ! ગ્રાહ્ય-ગ્રાહકનો ખુલાસો કર્યો. ભાવેન્દ્રીય છે તે જાણનાર છે અને ઓલા દ્રવ્યો જણાય છે બધા. આવતા જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો, આહાહા! ઇન્દ્રિય-જ્ઞાન પરને જાણે છે પ્રભુ! હોં! આહાહા! શબ્દને શ્રોતઇન્દ્રિય જાણે છે, ચક્ષુઇન્દ્રિય રૂપને જાણે છે, ઘ્રાણઇન્દ્રિય દુર્ગંધ ને સુગંધને જાણે છે, આત્મા નહીં. આહાહા!

આત્મા તો આત્માને જાણે છે. આત્મા તો આત્માને જાણે છે અને ભાવેન્દ્રીય પરને જાણે છે. બસ પૂરી થઈ ગઈ વાત. આ બધી ગાથાઓમાં છે, દસ ગાથા છે એની સમયસારમાં. શબ્દો છે ચોખ્ખા. કઈ ગાથા છે, ૩૭૩ થી ૩૮૨ સુધી. લાવોને સમયસાર, લાવોને.

મુમુક્ષુ: એ સમયસાર જ છે.

પૂ. લાલચંદભાઈ: હા, આ સમયસાર જ છે. હા, એ બરાબર. ૩૭૩ થી ૩૮૨. આહાહા! આ સમયસાર પૂરું થવા આવ્યુંને ત્યારે આચાર્ય ભગવાને કહ્યું લાવ જે હોય તે હું કહી દઉં. સમજનારા કોઈક તો વિરલા નીકળશે. ભલે ઝાઝા ન નીકળે તો કાંઈ નહીં, થોડા, પણ એનું તો કામ થશે. સત્ય વાત કહી દઉં. આહાહા!

મુમુક્ષુ: સંખ્યાની શું જરૂર?

પૂ. લાલચંદભાઈ: હેં, સંખ્યાની શું જરૂર? હં.. આવી ગયું. આહાહા! જુઓ! દસ ગાથા છે.

**રે! પુદગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,**
**તેને સુણી, 'મુજને કહ્યું' ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩**
**પુદગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,**
**તો નવ કહ્યું કંઈપણ તને, હે અબુધ! રોષ તું કયમ કરે? ૩૭૪**

**શુભ કે અશુભ જે શબ્દ**, એ શબ્દને કોણ જાણે છે? આત્મા જાણે છે કે ઇન્દ્રિયજ્ઞાન જાણે છે? આહાહા! મૂળ વાત છે, મૂળ વાત. હું શબ્દને સાંભળું છું, દ્રષ્ટિ વિપરીત છે. હું શબ્દને જાણતો પણ નથી, હું તો જાણનારને જાણું છું. એમ કરીને અંદર વહ્યો જા ને એકવાર, થોડીક વાર તો જા. એરકંડિશન છે અંદર.

**શુભ કે અશુભ જે શબ્દ તે 'તું સુણ મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.**

જીવ એને જાણવા જતો નથી. હવે એ ગાથાનો અર્થ કરીએ આપણે, અર્થ.

ત્રીજી ગાથા. **શુભ કે અશુભ શબ્દ તને એમ નથી કહેતો કે 'તું મને સાંભળ'**, આ શબ્દ જે નીકળે છે ને તે આપણને એમ કહેતો નથી કે, શબ્દ એમ કહેતો નથી કે તું મને સાંભળ, એક વાત. શબ્દ કહેતો નથી કે તું મને સાંભળ, એક વાત, ત્યાંથી. હવે બીજી અહીંથી વાત કરે છે. **અને આત્મા પણ**, **આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને શ્રોતેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને જાણવા જતો નથી**. આહાહા! એક વાર તો હું જાણતો નથી એ શબ્દને લે તો ખરો. તો ઇન્દ્રિય-જ્ઞાનનો વ્યાપાર બંધ થઈ જશે અને નવું અતીન્દ્રિયજ્ઞાન આત્મા જાણનાર જણાય છે, જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી. પરને હું સાંભળતો નથી, પરને હું જાણતો નથી, પરને હું સૂંઘતો નથી, પરને હું સ્પર્શ કરતો નથી.

જાણનાર જણાય છે ત્યારે ઇન્દ્રિયજ્ઞાન ક્ષણમાત્ર, થોડો ટાઇમ રોકાય જશે અને નવું જ્ઞાન પ્રગટ થશે એમાં આત્માનો અનુભવ થશે પછી સવિકલ્પ દશા આવશે. ત્યારે શબ્દને ને શબ્દને જાણનારું ઇન્દ્રિયજ્ઞાન એ બેયને જ્ઞાનથી ભિન્ન જાણશે. એ જ્ઞાનમાં ભિન્નપણે જણાયા કરશે. અભિન્નપણે હવે નહીં જણાય. એકત્વ નહીં થાય, વિભક્તરૂપ પરિણમન ચાલુ થઈ જશે. આહાહા!

શુભ કે અશુભ શબ્દ તને એમ નથી કહેતો કે 'તું મને સાંભળ', અને આત્મા અહીંથી છૂટીને ત્યાં સાંભળવા જતો નથી. ક્યાં નવરો છે કે શબ્દ સાંભળવા જાય? પોતે પોતાને જાણવામાં રોકાય કે એને જાણવા જાય? જો અહીંથી છૂટીને ત્યાં જાણવા ગયો તો લક્ષ ફરી ગયું. આહાહા! આત્મા લક્ષમાં નહીં આવે, આત્મા હાથમાં નહીં આવે. એવી આ દસ ગાથા છે, ઊંચામાં ઊંચી. બધુ શાસ્ત્રમાં (છે) -સમયસાર તો સમયસાર છે. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી ટીકા છે, ગુરુદેવ ફરમાવતા હતા.

પણ પક્ષ પડી ગયો છે, એક કર્તાબુદ્ધિ ને એક પરની જ્ઞાતાબુદ્ધિ. પરની જ્ઞાતાબુદ્ધિ પડી છે ને એટલે ઇન્દ્રિયજ્ઞાન પરને જાણવા જાય છે. ઇન્દ્રિયજ્ઞાન જ ઉત્પન્ન થાય. કેમકે હું પરને જાણનારો છું, પરને જાણનારો છું, પરને જાણનારો છું, આહાહા! જાણનાર જણાય છે જાણનાર જણાય છે એ બસ ભૂલાય ગયું, હું જ્ઞાતા છું એ ભૂલાય ગયું ને કર્તા છું એમ આવી ગયું. કર્તાના પક્ષમાં પડ્યો છે. કોઈ કર્તાનાં પક્ષમાં ને કોઈ જ્ઞાતાના પક્ષમાં પડેલા જીવો આત્માની ઉપલબ્ધિ કરી શકતા નથી. આહાહા! એમ છે, બાલચંદભાઈ!

**'તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું',** જુઓ! પરને જે જાણે છે તેમાં ઇન્દ્રિયજ્ઞાન પરનો સંગ કરે છે. એ સંગ કેમ છૂટે, પરનો સંગ કેમ છૂટે, વ્યભિચાર કેમ છૂટે? પરના સંગવાળા પરિણામને પરમાત્મા વ્યભિચાર કહે છે. આહાહા! આકરા શબ્દો છે, પણ કરુણાના છે. કરુણા આવી ગઈ છે એને કરુણા આવી ગઈ છે. અરે! પરનું લક્ષ છોડી દે. તને કાંઈ હાથમાં આવશે નહીં, સ્વનું લક્ષ કર તો બધું હાથમાં આવશે. હવે એને કેમ, પરના પદાર્થોને જાણવાનું કેમ બંધ થાય? કે અસંગ એવો આત્મા છે. જે પરિણામ પરનો સંગ કરે છે તે પરિણામ તારા નથી. તું તો અસંગી પરમાત્મા છો. અસંગીને ભાવેન્દ્રીયોનો સંગ નથી, દ્રવ્યેન્દ્રિયોનો સંગ નથી, અસંગીને પરપદાર્થનો પણ સંગ નથી. સંગ કરવા જઈશ તો દુઃખી થઈશ. આહાહા!

સંગ છોડી દે, હું તો અસંગ છું. પરમાત્મા છું, મને કોઈનો સંગ, મારે કોઈની સાથે સંબંધ જ

નથી ને. કર્તા-કર્મ સંબંધ નહીં, નિમિત્ત-નૈમિત્તિક નહીં ને જ્ઞાતા-જ્ઞેય પણ નહીં અને જ્ઞાતા-જ્ઞેયનો અહીંયા ભેદ પણ દેખાતો નથી. અભેદમાં ભેદ દેખાતો નથી, એનું નામ અનુભૂતિ કહેવામાં આવે છે. **અસંગપણું તે વડે**, આહાહા! અસંગનો એક બોલ આવે છે, શ્રીમદમાં પણ એક બોલ આવે છે, અસંગ છે પરમાર્થથી, હોં! અસંગ છે પરમાર્થથી, આ પરમાર્થની વાત ચાલે છે. આહાહા! સંગ છોડવા, પરનો સંગ છોડાવી અને અસંગ, એવા અસંગી આત્માનો સંગ કર. અસંગી એવા પરમાત્માનો સંગ કર તો પરિણામ પવિત્ર થઈ જશે. સંવર-નિર્જરા પ્રગટ થશે.

**'તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા'**. ત્રણેમાં સર્વથા શબ્દ ઉમેર્યો. આહાહા! **એ, ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું. 'આમ જે (મુનિ) દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રીયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો-એ ત્રણેને જીતીને, જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો'**, ખીચડો, એકત્વ '**તે સઘળો દૂર થવાથી એકત્વમાં'** એટલે એકપણામાં, એકત્વ એટલે એકપણામાં આત્મા એક છે. '**એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા',** આહાહા! અન્યદ્રવ્યોથી એટલે ત્રણે, દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રીયો અને ભાવેન્દ્રીયોના વિષયો અન્યદ્રવ્યમાં જાય છે. '**પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે'.** આહાહા! અનુભવે છે પ્રત્યક્ષ. '**તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય જિન' છે'**. એણે મોહને જીતી લીધો.

ઇન્દ્રિયજ્ઞાનને જિતતા મિથ્યાત્વ જીતાય જાય છે. મિથ્યાત્વનો ઉત્પાદ થતો નથી. એને 'જિતેન્દ્રિય જિન' કહ્યો. ચોથા ગુણસ્થાને જિન છે. સર્વજ્ઞનો લઘુનંદન છે. 'જિતેન્દ્રિય જિન' આહાહા! દેડકું, હરણું પણ **'જિતેન્દ્રિય જિન'** હોય. આહાહા! હાથી, ઘોડા કોઈ પણ સંગી પંચેન્દ્રિય જીવો અનુભવ થઈ શકે છે. **''જિતેન્દ્રિય જિન' છે (જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે.)'** કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આહાહા! કેવો છે આ જ્ઞાનસ્વભાવ? '**આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો',** ઉપર તરતો એટલે '**તેમને જાણવા છતાં તે-રૂપ નહીં થતો)',** વિશ્વ જ્ઞાનમાં જ્ઞેય થાય પણ વિશ્વરૂપે આત્મા થતો નથી. જ્ઞેયરૂપે આત્મા થતો નથી, જ્ઞાન છૂટતું નથી, જ્ઞેય ભિન્ન ને જ્ઞાન ભિન્ન જ રહ્યા કરે છે.

**'પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર, સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત-એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે'.** એનું લક્ષ કરી, એનું શ્રદ્ધાન, એનો અનુભવ કર તો સંસારનો અંત આવશે ને અલ્પકાળમાં પૂર્ણાનંદની પ્રાપ્તિ એને થશે.